રે. દિ. મુ. નંબર : ૨૯/૨૦૨૪

સત્યમેવ જયતે

રજુ તારીખ : ૨૯/૦૪/૨૦૨૪
દાખલ તારીખ : ૨૯/૦/૨૦૨૪
ફેસલ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
સમયગાળો : ૦૨ વર્ષ ૦૦ માસ ૦૨ દિવસ

## ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૨૯/૨૦૨૪
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
રજી.ઓફિસ પશ્ચિમ ગુજરાત વિજ સેવા સદન,
નાના મૌવા મેઈન રોડ, લક્ષ્મી નગર, રાજકોટ.
તે નીચે આવેલ બગવદર સબ ડીવીઝન ઓફિસ,
બગવદર, તા.જી.પોરબંદર

વિરૂધ્ધ

પ્રતિવાદી : રબારી માંડાભાઈ સાંગાભાઈ,
ઉ.વ.આ.૫૪, ધંધો.માલધારી,
રે.ગામતળ વિસ્તાર, રાણપર,
તા.ભાણવડ, જી.દેવભુમી–દવારકા

<u>દાવો : રૂા.૧૩,૩૯૨–૯૯ પૈસા વસુલ મળવા બાબત...</u>

..........................................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.ટી.નાણાવટી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : એકતરફી

..........................................................................................................

### જજમેન્ટ

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ નીચે ગુજરાત રાજયના પશ્ચિમ વિભાગ માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડની રચના કરવામાં આવેલ અને તેની રજીસ્ટર્ડ ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે. તેમજ તેની વર્તુળ કચેરી પોરબંદર મુકામે આવેલ તે નીચે ગ્રામ્ય વિભાગ માટે ગ્રામ્ય વિભાગીય કચેરી પોરબંદર મુકામે આવેલ છે. તે નીચે બગવદર સબ ડીવીઝન

કચેરીનાં મુખ્ય અધિકારી નાયબ ઈજનેર તરીકે વાદી ફરજ બજાવે છે. પ્રતિવાદીએ વાદી કંપની પાસે રહેણાંક હેતુ માટે વીજ કનેકશન મેળવવા માટેની માંગણી કરતા, રાણપર ગામ વાદી સંસ્થાની કચેરી હેઠળ આવતુ હોય તેથી પ્રતિવાદીને રહેણંક હેતુ માટેનું વીજ કનેકશન ગ્ર ાહક નં.૩૫૭૦૮/૦૦૪૭૪/૩ થી આપવામાં આવેલ અને પ્રતિવાદીનો વીજ વપરાશ નોંધવા માટે પ્રતિવાદીને ત્યાં મીટર રાખવામાં આવેલ. આ મીટરમાં જે કાંઈ વીજ વપરાશ નોંધાય તે આધારે પ્રતિવાદીને ધોરણસરનું બીલ આપવામાં આવતા હતા.

(૨) પ્રતિવાદીને આપવામાં આવેલ વીજ કનેકશનનાં વીજ વપરાશનાં આપવામાં આવેલ બીલોની લ્હેણી રકમ ભરપાઈ નહી કરતા પ્રતિવાદીનું વીજ કનેકશન તા.૦૨/૦૨/૨૦૨૧ થી પી.ડી.સી. કરવામાં આવેલ અને પ્રતિવાદીને ત્યાં રહેલ મીટર ઉતારી લેવામાં આવેલ. પ્ર તિવાદીનું વીજ કનેકશન પી.ડી.સી કર્યા પછી પ્રતિવાદી તરફથી વાદી સંસ્થાની લ્હેણી નિકળતી રકમ ભરપાઈ નહી કરવામાં આવતા પ્રતિવાદીને તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ વકીલ મારફત નોટીસ કરવામાં આવેલ હતી. તેમ છતા પ્રતિવાદીએ લ્હેણી નીકળતી રકમ ભરપાઈ નહી કરતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૬ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થઈ ગયેલ છતા હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ એકતર્ફી ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આાધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1 | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી રહેણાંક હેતુ માટે વીજ કનેકશન ગ્રાહક નં.૩૫૭૦૮/૦૦૪૮૪/૩ ધરાવતા હતા ? |
| 2 | શું વાદી પુરવાર કરે છે કે, વીજ કનેકશન સંદર્ભે તેઓને વીજ વપરાશનાં બીલો આપેલ હોવા છતા તેઓ દવારા વીજ બીલ ભરપાઈ નહી કરતા પ્રતિવાદીનું વીજ જોડાણ તા.૦૨/૦૨/૨૦૨૧ ના રોજ કાપી નાખવામાં આવેલ હતુ ? |
| 3 | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપનીના પ્રતિવાદી પાસેથી રૂા.૧૩,૩૯૨–૯૯ પૈસા બાકી લેણા રોકાય છે ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું વાદી તેઓની દાવા અરજીનાં પેરા નં.૬ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 6 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | અંશત: હકારમાં |
| 4. | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 5. | અંશત: હકારમાં |
| 6. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ નિરવકુમાર હમીરભાઈ વિસાણાનું સરતપાસનું સોગંદનામુ. | ૧૫ |
| ૨. | પ્રતિવાદી પાસે દાવાવાળી લેણી નિકળતી રકમનુ લેઝર એકાઉન્ટ | ૧૭ |
| ૩. | પ્રતિવાદીની લેણી નીકળતી રકમ દર્શાવતી લેઝરની કોપી | ૧૮ |
| ૪. | પ્રતિવાદીને લેણી નીકળતી રકમ વસુલ આપવા કરેલ તા.૨૯/૩/૨૦૨૨ વાળી નોટીસ | ૧૯ |
| ૫. | નોટીસ પ્રતિવાદીને મોકલ્યાની પાવતી | ૨૦ |
| ૬. | દાવો દાખલ કરતા પહેલા પ્રતિવાદીની હયાતી સબંધેનુ સ્થળ તપાસ રોજકામ તા.૬/૬/૨૦23 | ૨૧ |

બાદ આ કામે આંક : ૨૨ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી.સદર કામે પ્રતિવાદી વિરૂધ્ધ કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી હાજર રહેતા ન હોય તેથી તેની દલીલ સાંભળી શકાયેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૬ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

:: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૬ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદી પક્ષની રહે છે. આ કામે વાદી પક્ષ તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે જેમાં આંક–૧૫ થી સાહેદ નિરવકુમાર હમીરભાઈ વિસાણાનું સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનું સોગંદનામું રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. વાદી તરફે રજુ મૌખિક પુરાવો ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાની હકકીત વાદી પ્રસ્થાપિત કરી શકેલા છે, તેમજ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોય, તેવી તેઓ તર્ફે હાજર રહી કોઈ જ તકરાર લેવામાં આવેલ નથી, સબબ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાની હકીકત વાદી પુરવાર કરવામાં સફળ થયેલા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદી વીજ કનેકશન ધરાવતા હોવાનો અને પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી વીજ મેળવેલ હોવા અંગેનો છે. જે વીજ વપરાશ કરવા અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી ધ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ રૂા.૧૩,૩૯૨–૯૯ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પૈકી આંક–૧૯ થી પ્રતિવાદીને આપવામાં આવેલ નોટીસ રજુ રાખવામાં આવેલ છે તેમાં રેગ્યુલર બીલો રૂા.૮,૬૧૪–૮૭ પૈસા બાકી હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ આંક–૧૭ થી રજુ કન્ઝુમર પર્સનલ લેઝર ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ રકમ રૂા.૮,૬૧૪–૮૭ પૈસા જણાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૮,૬૧૪–૮૭ પૈસા માંગતા હોવાની હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧,૨ નો જવાબ હકારમા તથા મુદા નં.૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવેલ છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004 (10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો

વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્ર તિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્ર વર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧ ૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી તથા મુદદા નં બર : ૬ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રૂા.૮,૬૧૪–૮૭ પૈસા (અંકે રૂપિયા આઠ હજાર છસ્સો ચૌદ અને સત્યાંશી પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૦૧ લી, માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૧–૦૫–૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮